## પાટણ જિલ્લામાં નબળા અને વંચિત જુથના ૪૦૦ બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવાની જોગવાઈ કરાઈ

### વાલીઓએ ૩૧મી મે સુધી પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે

પાટણ, તા.૫

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમ-૨૦૦૯ તથા બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જુથના બાળકોને બિનઅનુદાનિત ખાનગી -ાથમિક શાળામાં ૨૫ ટકા -વેશ આપવાની જોગવાઈ અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૧/૨/૨૦૧૪ તરફથી પાટણ જિલ્લામાં ૪૦૦ બાળકોને ધોરણ-૧માં -વેશ આપવાનો લક્ષ્યાંક આપવામાં આવેલ છે. આ અન્વયે જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારી તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દવારા કઈ શાળાએ કેટલી સંખ્યામાં આ લક્ષ્યાંક પૈકી -વેશ આપવાનો છે તે સંબંધિત શાળાઓને જણાવવામાં આવેલ છે. આ લક્ષ્યાંકમાં -વેશ મેળવવા માગતા બાળકના વાલીએ -વેશ માટેના નિયત નમુનાના -વેશ ફોર્મ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીની કચેરી તેમજ સંબંધિત શાળા કક્ષાએથી ઉપલબ્ધ બની શકશે. તો આ ફોર્મ મેળવી તારીખ ૩૧/૦૫/૨૦૧૪ સુધીમાં જરૂરી વિગતો ભરી આધારો સાથે પાટણ અને સિધ્ધપુરના શહેરી વિસ્તારની શાળઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અને તે સિવાયના વિસ્તારની શાળાઓ માટે જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં -વેશ માટેના ભરેલા ફોર્મ રજુ કરવાના રહેશે.

નબળા અને વંચિત જુથના બાળકોની વ્યાખ્યામાં -વેશ માટે તેમજ અગ્રતા ક્રમ માટે શિક્ષણ વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૪૬૪૬/ચ થી જોગવાઈ કરવામાં આવેલ છે જે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ ઠરાવ ગુજરાત સરકારની શિક્ષણ વિભાગની વેબસાઈટ www.gujarat-education.gov.in પર પણ ઉપલબ્ધ છે. વધુ માહિતી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી ઉપર ઉપલબ્ધ બની શકશે તેમજ -વેશ અંગેના કાર્યક્રમની વિગતો સંબંધિત શાળાના નોટીસ બોર્ડ ઉપર પણ ઉપલબ્ધ બનશે.

## ભમરાના ડંખે સૂરતને બદસૂરત કરી

વારા(ખોડા) ગામના રબારી ચેલાભાઈ નાગજીભાઈ તેમના ઘેંટા ચરાવવા ગામની સીમમાં ગયા હતા. લગ્નસરાની સીઝન હોઈ મિત્રોએ આપેલ અત્તર તેમણે પોતાના કપડા પર છાંટેલુ હતુ. તેઓ બપોરના સમયે



ઝાડના છાંયે આરામ કરવા આડા પડ્યા હતા ત્યાં ઝાડ પર બેઠેલા મધપૂડામાંથી ભમરાઓએ અત્તરની સુગંધથી આકર્ષાઈ તેમના પર હુમલો કર્યો હતો. ચેલાભાઈ જીવ બચાવીને ભાગ્યા છતાં ચાર-પાંચ ભમરાએ તેમના ચહેરા તથા આંખની બાજુમાં ડંખ મારતા સ્થાનિક તબીબ પાસે સારવાર લઈ રાહત મેળવી હતી. પરંતુ ધીમે ધીમે આંખની બાજુમાં ગાંઠ ઉપસી આવી હતી જે બેકાળજીના લીધે વધી જવા પામી હતી અને ચહેરો બદસૂરત બની ગયો હતો. ગાંઠનો રીપોર્ટ કરાવતા ચરબીની સામાન્ય ગાંઠ હોવાનું માલુમ પડતા થરા રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડૉ. ભરત ચૌધરી દ્વારા સર્જરીથી આ ગાંઠ દૂર કરવાનું નક્કી કરાયું છે. (તસવીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા)

## સુંદલપુરાની એક માત્ર બેંક, ગોડાઉન બની રહી છે !

### મકાન માલીકની આડોડાઈ સામે બેંક મેનેજર ચૂપ રહેતા ગ્રાહકોમાં નારાજગી : તમાકુના દળથી ગ્રાહકો પરેશાન : બેંક ઓફ બરોડાના મેનેજર સામે પણ શંકાની સોંય તાકતા ગ્રાહકો

પ્રતિનિધિ ધ્વારા ઉમરેઠ તા. ૫

તાલુકા મથક ઉમરેઠના સુંદલપુરા ગામમાં એક માત્ર બેંક ઓફ બરોડાની શાખા કાર્યરત છે.ભાડાના મકાનમાં આવેલી આ બેંકમાં છેલ્લા થોડા સમયથી બાજુમાં રહેતા મકાન માલીકે વચ્ચેની દિવાલ તોડી બેંકના પ્રવેશધ્વાર નજીકની ખુલ્લી જગ્યામાં તમાકુ સુકવવાનું શરૂ કરતા તેમજ ટ્રેક્ટર સહિતના ઓજારો બેંકની હદમાં મુકતા બેંકના ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો છે. ગામના જાગુત નાગરીકોના જણાવ્યા મુજબ બેંકના મેનેજરે આ મામલે વાંધો ઉઠાવવો જોઈએ પરંતુ તેમ ન થતાં તમાકુના દળથી ગ્રાહકો પરેશાન થઈ ઉઠે છે. તેમજ બેંકના કોમ્પ્યુટર સહિતની ઈલેક્ટ્રોનીક સામગ્રી જોખમમાં મુકાઈ છે.વધુમાં સુંદલપુરા અને તેના વિસ્તારમાં આવતા ગામોના પશુધારકોને ભેંસોની લોન આપવામાં આવી છે. તેમાંના મોટા ભાગના ગ્રાહકો ભેંસો નહી લાવ્યા હોવાનુ તેમજ આ મામલે મેનેજર અને ગ્રાહકે કટકી કરી હોવાના આક્ષેપો સાંભળવા મળી રહયા છે. ત્યારે ઉપરોકત પ્રકરણમાં ઝીણવટભરી તપાસ બાદ સત્ય શું છે તે જાણી શકાય.

આ અંગે મળતી જાણકારી મુજબ સુંદલપુરા ગામમાં એક માત્ર બેંક ઓફ બરોડા આવેલી છે. મળેલ માહીતી મુજબ અંદાજે માસીક આઠ થી દશ લાખ રૂાનું ટન ઓવર કરતી આ બેંક માસીક ચાર હજાર રૂા ચુકવી ભાડાનું મકાન ધરાવે છે.તેમજ મકાન માલીક બાજુના અન્ય મકાનમાં રહે છે. છેલ્લા કેટલાક સમયથી મકાન માલીકે વચ્ચેની દિવાલ તોડી બેંકની જગ્યામાં તમાકુ સુકવતા તેમજ ખેતીના ઓજારો મુકતા ગ્રાહકોને પારાવાર પરેશાની ભોગવવી પડે છે. આ અંગે વિરોધ કરવાને બદલે બેંકના મેનેજર મકાન માલીકનો પક્ષ લેતા હોય તેમ વ્યવહાર કરતા બેંક ઓફ બરોડાના રીઝીયોનલ મેનેજરને સુંદલપુરા આવવા ગામના જાગુત નાગરીકોએ આમંત્રણ પાઠવતા આ મામલે ટૂંકમાં નવાજુની થવાના એંધાણ વર્તાઈ રહયા છે. આ ઉપરાંત ચર્ચા છે કે બેંકના મેનેજરે કેટલાક લેભાગુઓ સાથે મળી ભેંસોની લોન આપવામાં કટકી કર્યાની ચર્ચા છે.એવુ કહેવાઈ રહયુ છે કે જે લોકોને લોન આપવામાં આવી છે તે પૈકીના

**હા, આ ઓજારો અને ટ્રેક્ટર મકાન માલીકના છે -મેનેજર**

મોટાભાગનાઓ ભેંસો લાવ્યા જ નથી અને બેંકના નાણા વાપરી રહયા છે તો વળી જુની લોન ભરપાઈ ન થઈ હોય છતાં નવી લોનો આપ્યાના આક્ષેપો થઈ રહયા છે. આ બાબતમાં કેટલી સત્યતા છે તે બેંકના અધિકુત ધ્વારા ઝીણવટભરી તપાસના અંતે જાણી શકાય.જો કે બેંકના મેનેજરે લોનમાં કોઈપણ પ્રકારની ખામી રાખી હોવાનું કે કટકી કર્યાની વાતનો ઈન્કાર કર્યો હતો. જો કે બેંકના ભાડાના મકાનમાં મકાન માલીક ધ્વારા ટ્રેક્ટર તેમજ ખેત ઓજારો મુકવામાં આવે છે તે વાતનો સ્વીકાર કર્યો હતો.તેમજ તમાકુની સીઝનમાં કયારેક તમાકુ સુકવતા હોવાનું કહી મકાન માલીકનો બચાવ કરતા આશ્ચર્યપણ ઉપજ્યુ હતુ.



તસવીર : પિલુન ગોસ્વામી ઉમરેઠ

**મકાન માલીકે દીવાલ તોડી બેંકની જગ્યામાં ટ્રેક્ટર સહિત ખેતીના ઓજારો મુકતા ગ્રાહકો ખફા**

## ખેડબ્રહ્મામાં નગરપાલિકાના શોપીંગ સેન્ટરમાં આગ લાગી

### ચાર માસ પહેલા જ ઉદઘાટન થયેલ અંબિકા શોપીંગ સેન્ટરમાં આગથી ભારે નુકશાન : અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં સફાઈ કામદારોએ કચરો સળગાવતા આગ લાગી

ખેડબ્રહ્મા, તા.૫

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં બનાવવામાં આવેલ નવા બનેલા અંબિકા શોપીંગ સેન્ટરમાં અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ બનાવવામાં આવેલ છે. આ પાર્કિંગનો ઉપયોગ કોઈ કરતું ન હોવાથી અહીં ખૂબ જ કચરો ભેગો થયો હતો. નગરપાલિકાના સફાઈ કામદારોએ અહીં કચરો સળગાવતા આગ લાગી હતી જેના કારણે શોપીંગ સેન્ટરને ભારે નુકસાન થવા પામ્યું છે. નજરે જોનાર લોકોના જણાવ્યા મુજબ આજે બપોરે ૩.૩૦વાગ્યાના સુમારે નગરપાલિકાના સફાઈ કામદારોએ અંબિકા શોપીંગ સેન્ટરના અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં જમા થયેલો કચરો જેમાં પ્લાસ્ટીકની થેલીઓ પણ હતી તે નિકાલ કરવા ત્યાં જ સળગાવી હતી. આ કારણે નગરપાલિકાના શોપીંગ સેન્ટરનું પ્લાસ્ટીકના એલીવેશને આગ પકડતા ભારે અફરા તફરી મચી જવા પામી હતી. થોડીક વારમાં આગે ભયાનક સ્વરુપ પકડતા ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યું હતું. ભારે જહેમત બાદ આગ કાબુમાં લેવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં એલીવશનને મોટું નુકશાન થઈ જવા પામ્યું હતું. જો સમયસર આગ કાબુમાં લેવામાં ના આવી હોત તો બાજુમાં આવેલ રેડીમેઈડ કાપડની દુકાનમાં આગ પ્રસરવાની શકયતા હતી. આગ કાબુમાં આવતા વેપારીઓના જીવમાં જીવ આવ્યો હતો.





(તસવીર : રમેશ વૈષ્ણવ)

## ખેડૂતને વિજ જોડાણ મળે તે પહેલા જ ચાર મહિનાનુ બિલ ફટકારાયુ

### જ્યાં વિજવાયર કે મીટર પણ નથી નંખાયા ત્યાં વિજળીનું બિલ આપી દેવાયુ : ૨૪ કલાક વિજળીના બણગા ફુંકતા મુખ્યમંત્રી પણ રાજ્યમાં દીવા તળે અંધારૂ જેવી સ્થિતિ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આદોલિયા ગામે જ્યાં વિજપાવર કે મીટર પણ નથી નંખાયુ તેવા એક ખેડૂતને ચાર મહિનાનુ બિજબીલ ફટકારવામાં આવ્યુંછે. બિલ મળતા ચિંતામાં ગરકાવ થયેલ ખેડૂત ઉત્તર ગુજરાત વિજ કંપનીના ધરમધક્કે ચડી ગયા છે.

ગુજરાતના ખેડૂતોને ૨૪ કલાક વિજળી મળતી હોવાના મુખ્યમંત્રી અન્ય રાજ્યોમાં બણગાં ફુંકી રહ્યા છે. ત્યારે કનેકશન વગરના ખેડૂત વિજકંપનીનો સંપર્ક કરતા તંત્ર ચોંકી જવા પામ્યું છે અને ગઈકાલે રાતોરાત વિજથાંભલા નાંખી દેવાયા છે. જો કે હજુ નથી વાયરો નંખાયા કે નથી મીટર આવતુ ત્યાં તો ખેડૂતોને ચાર મહિનાનું વિજવપરાશનું બિલ પકડાવી દેવાય છે, વાહ રે...ઉત્તર ગુજરાત વિજકંપની તારી બલિહારી..!!!

આ ઉગાઉના જીઈબી સ્વરૂપમાં થતા રેઢિયાળ વહીવટને સુધારવા સરકારે બોર્ડને કંપનીનુ સ્વરૂપ આપ્યું છે. પરંતુ વહીવટ સુદ્દઢ થવાને બદલે વધુ ને વધુ રેઢિયાળ થવા પામ્યો છે. પ્રાંતિજના સાદોલિયા ગામના સર્વે નં. ૭૩ના આ જોડાણની વાટ જોતા ખેડૂતને મીટર કે જોડાણ મળ્યા પહેલા જ વીજ બિલ મળ્યું છે.

સાદોલિયાના ખેડૂત અબ્દુલ રજ્જાક ગુલામ અહેમદે એક વર્ષ પૂર્વે તેમના ફાર્મહાઉસના મકાન માટે સિંગલ ફેઝ જોડાણ માંગ્યું હતું. જે મંજૂર થતા તેમણે ડીપોઝીટ અને એસ્ટીમેટ મુજબની રકમ પેટે રૂપિયા ૩૯૮૭ તા. ૩જી ડીસેમ્બર-૨૦૧૨ના રોજ ભર્યા હતા. પરંતુ આજ દિન સુધી તેમના આ મકાન પર વીજળીના અજવાળા પથરાયા નથી. પરંતુ તેમને મીટર નં. ૧૮૫૩૪૨૯ સાથે ગ્રાહક નં. ૧૦૦૫૨ દર્શાવતુ ચાર મહિનાનુ રૂ. ૮૮.૫૦ નું વિજબીલ ફટકારતા તેઓ ચોંકી ગયા હતા. વિજકંપનીનો સંપર્ક કરતા રાતોરાત વિજ થાંભલા નાંખી દેવામાં આવ્યા હતા પરંતુ હજુ વાયરો કે મીટર નંખાયા પહેલા જ બિલ મળતા ખેડૂત પરેશાન થઈ જવા પામ્યો છે. વિજ કંપનીના અધિકારીઓને સંપર્ક કરતા ચૂંટણીની વ્યસ્તતાનો ઉડાઉ જવાબ આપી દેવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાત કંપનીના નિભંર વહીવટ માટે અધિકારીઓ સામે કાર્યવાહી કરાય અને ખેડૂતને ન્યાય મળે તેવી લાગણી ચારેકોર પ્રસરવા પામેલ છે.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



## બેરોજગાર યુવાનોને લોન આપવામાં મહેસાણાની રાષ્ટ્રીય કૃત બેંકોના ઠાગા ઠૈયા

મહેસાણા, તા.૫

મહેસાણા જિલ્લામાં કુટિર ઉદ્યોગ, બેંકેબલ, વડાપ્રધાન રોજગાર યોજના તેમજ રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણથી આવતી બેરોજગાર યુવાનો અને ધંધાર્થીઓની લોન અંગેની અરજીઓ પર ધિરાણ આપવામાં રાષ્ટ્રીયકૃત બેંકો આનાકાની કરતી હોઈ અરજદારોમાં ઘેરા અસંતોષની લાગણી પ્રસરી છે.

મહેસાણા જિલ્લામાં ભારતીય સ્ટેટ બેંક, સિંડિકેટ બેંક, ગ્રામિણ બેંક સહિત અન્ય બેંકોની શાખાઓ આવેલ છે. જે બેંકોને સરકારી ધારા ધોરણ મુજબ ધંધા રોજગાર માટે બેંકેબલ યોજના હેઠળ જરૂરમંદ નાગરિકોને ધિરાણ યા લોન આપવાની હોય છે.પરંતુ તાલુકામાં આવેલ આવી બેંકો બેરોજગાર યુવાનો તેમજ નાના મોટા ધંધાર્થીઓને ધિરાણ આપવામાં અખાડા કરીને ધિરાણ આપવાનું ટાળતી હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

જાણવા મળ્યા મુજબ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે કેસો મંજૂર થાય છે અને ધિરાણ આપવાની ભલામણ થાય છે. તે પૈકી મોટા ભાગના કેસોમાં કોણ જાણે કેમ ધિરાણ આપવામાં બેંકો તત્પરતા બતાવતી નથી અને યેનકેન પ્રકારે અરજદારોને ધક્કા ખવડાવી છેવટે કોઈ બહાના કાઢીને ધિરાણ આપવામાં આવતું નથી.

કહે છે કે જિલ્લાની બેંકોમાં સબસીડીવાળા કેટલાક કેસો પેન્ડિંગ છે. આવા કેસોમાં બેંકો દ્વારા ધિરાણ આપવામાં ગલ્લાં તલ્લાં કરાતાં ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મોકલાયેલા અરજીઓનો નિકાલ થયો નથી.

અરજદારોના જણાવ્યા મુજબ સરકારની યોજના અંતર્ગત લોન માટે અરજી કરનારાઓને તગડી ડીપોઝીટ જમા કરાવાનું તેમજ ઈન્કમટેક્ષ રીટર્ન ભરનારા બે પાકા જામીન આપવાની માંગણી કરાય છે બીજું જે કોઈ લોન મંજૂર ખરાય તો તેમાં માંડ ૨૫ થી ૪૦ ટકા સુધીનું જ ધિરાણ ના છૂટકે આપવા બેંકો સહમત થતી હોવાનું કહેવાય છે.

કહે છે કે લાગવગ રાજકીય ભલામણ તથા બેંકોના મેનેજરો સાથે સારા સંબંધ ધરાવનારાઓને સહેલાઈથી ધિરાણ મળી જાય છે. આવા ધિરાણોમાં સરવાળે બેંકોને જોખમ થાય તેવું બનતું હોય છે.

## નારાયણા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલે મહેસાણામાં માહિતી કેન્દ્ર શરૂ કર્યુ

મહેસાણા, તા. ૪

નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલે આજે ઉત્તર ગુજરાતના મહેસાણા વિસ્તારમાં તેનું સૌપ્રથમ 'નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી ઈન્ફર્મેશન સેન્ટર' શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ માહિતી કેન્દ્રનું સંચાલન અમદાવાદની નારાયણા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા કરાશે અને તે અગ્રણી ડૉક્ટર્સ સાથે ઓપીડીની સેવા પુરી પાડશે. મહેસાણામાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. ભરત પટેલે મલ્ટી-સ્પેશિયાલિટી માહિતી કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યુહતુ અને આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર, બીએસપીએસ-મહેસાણાના પૂજ્ય કરૂણામુર્તિ કોઠારી સ્વામી અને અન્ય પ્રતિષ્ઠિતો હાજર રહ્યા હતા.

ઉત્તર ગુજરાતના પટ્ટામાં રહેતા લોકો માટે અત્યાધુનિક તબીબી સલાહ અને કન્સલટેશનની ઉપલબ્ધતા હંમેશા પડકારજનક રહી છે, પરંતુ હવે આવું વધુ નહીં ચાલે. અમદાવાદ સ્થિત નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના નિષ્ણાતો આ દર્દીઓ માટે નિયમિત ધોરણે ઓપીડી હાથ ધરવા નિયમિત સમયાંતરે મહેસાણાની મુલાકાત લેશે. આ પ્રસંગે અમદાવાદ નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના ફેસિલિટી ડિરેક્ટર ડૉ. સાજન નાયરે જણાવ્યું હતું કે, 'અગ્રણી સ્વાસ્થય સુવિધા પુરી પાડનાર તરીકેઅમે બધાને વિશ્વસનીય અને પરવડે તેવી સ્વાસ્થ્ય સુવિધા ઉપલબ્ધ રહે તેના પર ધ્યાન કેન્દ્રીત રાખીશુ. મહેસાણામાં અમારી ઓપીડી શરૂ કરવા સાથે અમે કન્સલટેશન માટે અમદાવાદ આવા સક્ષમ ન હોય તેવા અમારા દર્દીઓની અમે વધુ નજીક આવ્યા છીએ.'

આ માહિતી કેન્દ્ર નિષ્ણાત કન્સલટેશન્સ સાથે પડોશમાંના ક્લિનિકની જેમ કામ કરશે. તે પીડિઆટ્રિક અને એડલ્ટ કાર્ડિયોલોજી, ન્યૂરોસર્જરી, હેડ એન્ડ નેક ઓન્કોલોજી, 'જોઈન્ટ રીપ્લેસમેન્ટ' પર વિશેષ ધ્યાન આપવા સાથે ઓર્થોપેડિક્સ સહિત અન્ય ક્ષેત્રોમાં એકદમ સામાન્ય કિંમતે ઓપીડી સેવાઓ/કન્સલટેશન્સની સુવિધા પુરી પાડશે. મહેસાણામાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. ભરત પટેલે મહેસાણામાં માહિતી કેન્દ્ર ઉભું કરવા પાછળના પ્રયત્નોને બિરદાવતા જણાવ્યું હતું કે, 'નારાયણા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના આ પ્રયત્નો સરાહનીય છે, કારણ કે આ કેન્દ્ર વિવિધ બીમારીઓ અંગે લોકોમાં જાગૃતિ લાવશે અને મહેસાણામાં હોસ્પિટલમાં મહત્વના ડોક્ટર્સ સાથે કન્સલેટશનની સુવિધા પણ પુરી પાડશે. આપણા દેશમાં માહિતી કેન્દ્રનો કન્સેપ્ટ એકદમ નવો હોવા છતાં અમને ખાતરી છે કે અનેકને અનુસરવા માટે તે પાયારૂપ મોડેલ બની રહેશે.

અમદાવાદમાં સ્થિત નારાયણા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ ચાર રસ્તા નજીક ૩૬ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન